**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટનના રિજનલ કાઉન્સિલર શ્રીમતિ રોવેના સાન્તોસની 2021-2022 માટે FCMની અશ્વેત વિરોધી જાતિવાદ અને સમાનતાની સ્થાયી સમિતિના ઉપાધ્યક્ષ પદે વરણી

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (05 ઑગસ્ટ 2021) – આજે ફેડરેશન ઓફ કૅનેડિયન મ્યુનિસિપાલિટીઝ (FCM) દ્વારા જાહેરાત કરવામાં આવી કે બ્રૅમ્પટનના રિજનલ કાઉન્સિલર શ્રીમતિ રોવેના સાન્તોસની FCMના અધ્યક્ષ જોએન વેન્ડરહેડન (Joanne Vanderheyden) દ્વારા 2021-2022 માટે અશ્વેત વિરોધી જાતિવાદ અને સમાનતાની સ્થાયી સમિતિના ઉપાધ્યક્ષ પદે વરણી કરવામાં આવી છે.

FCMની સ્થાયી સમિતિઓ વિસ્તૃત ચર્ચાને સુગમ કરે છે અને FCMના બોર્ડને અગ્રિમતા નીતિ અને પ્રોગ્રામના મુદ્દાઓ અંગે ભલામણો પૂરી પાડે છે. સ્થાયી સમિતિઓ માટે પ્રમુખ પદે મજબૂત નેતૃત્વ આવશ્યક છે જેઓ તેમના ફરમાનો સંબંધિત મુદ્દાઓ અને વ્યુહરચનાઓ અંગેની સમિતિઓની ચર્ચાઓમાં માર્ગદર્શન પૂરું પાડી શકે, જેથી ખાતરી રહે કે તમામ સમિતિના સભ્યોને કેન્દ્રિત અને ઉત્પાદક ચર્ચાઓમાં પ્રવૃત્ત થવાની તક સાંપડે. પ્રત્યેક સમિતિ વર્ષમાં ત્રણ વખત બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકો સાથે સંયુક્તપણે બેસે છે.

સિટી ઓફ બ્રૅમ્પટન કૅનેડાની નગરપાલિકાઓ અને આપણા ફેડરલ ભાગીદારો સાથેની ભાગીદારીઓ મજબૂત કરવા પાછળ કેન્દ્રિત છે, અને તેઓ બ્રૅમ્પટનના નિવાસીઓ માટેની મહત્ત્વપૂર્ણ અગ્રતાઓની હિમાયત કરવાનું ચાલુ રાખશે, જેમાં સામેલ છે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આબોહવા પરિવર્તન અને પૂર નિવારણ, ટ્રાન્ઝિટ વિસ્તૃતિકરણ અને હૂરોન્ટારિયો-મેઈન સ્ટ્રીટ LRT અને COVID-19 રાહત.

જૂનમાં કાઉન્સિલર સાન્તોસ ફેડરેશન ઓફ કૅનેડિયન મ્યુનિસિપાલિટીઝના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં એક વર્ષની મુદત માટે પુનઃચૂંટાયા હતાં. તેણી મ્યુનિસિપલ સરકારમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટેની સ્થાયી સમિતિ, મ્યુનિસિપલ ફાઇનાન્સ અને આંતરસરકારી વ્યવસ્થાઓની સ્થાયી સમિતિઅ અને મ્યુનિસિપલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહન નીતિની FCM સ્થાયી સમિતિની સભ્ય છે.

1901થી FCM કૅનેડાના નગરપાલિકાના પ્રશાસનનો રાષ્ટ્રીય અવાજ રહ્યો છે. સભ્યોમાં તમામ કદની 2,000 થી વધુ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે, એટલેકે કૅનેડાના શહેરો અને ગ્રામિણ વિસ્તારોના સમાજથી ઉત્તરીય સમાજો તેમજ 20 પ્રોવિંશ્યલ અને ટ્રિટોરિયલ મ્યુનિસિપલ અસોસિએશનો. બધું મળીને તેઓ કૅનેડાના એક છેડેથી બીજા છેડા વચ્ચે વસેલા 90 ટકા કૅનેડાવાસીઓનું પ્રતિનિધિત્વ કરે છે. મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ અર FCM નીતિ ઘડવા માટે આખા કૅનેડાની નગરપાલિકાઓના નેતા ભેગા થાય છે.

બ્રૅમ્પટન સીટી કાઉન્સિલના પગલાં અને ટર્મ ઓફ કાઉન્સિલની અગ્રતાઓ એક કાંઠેથી બીજા અને ત્રીજા કાંઠા સુધીની અનેક નગરપાલિકાઓનો પ્રતિબિંબ છે જેમાં સામેલ છે વૈવિધ્યની વધામણી અને અશ્વેત જાતિવાદ વિરોધી નીતિનું અમલીકરણ, સસ્તું આવાસ, પરિવહન, આબોહવા પર લેવામાં આવનાર પગલાં અને અર્થતંત્ર સુરક્ષિત રીતે ફરી શરૂ થાય તેમાં મદદરૂપ થવા માટે વ્યવસાયો અને સમુદાયોને COVID-19 સંબંધિત ટેકો.

***સુવાક્યો***

**Media Release**

"સિટી ઓફ બ્રૅમ્પટન ખાતે અમે જે પણ કરીએ તેનું હાર્દ લોકસમુદાય છે. વૈવિધ્ય, સમાનતા અને સમાવેશિતા સાથક કરવા અમે સમર્પિત છીએ અને સાથે જ અંતરાયો દૂર કરવા જેથી આપણા તમામ નિવાસીઓની જાતિ કે લિંગ ન જોતા બધા સાથે ન્યાયપૂર્ણ અને સમાન વ્યવહાર થાય. અશ્વેત વિરોધી જાતિવાદ અને સમાનતાની સ્થાયી સમિતિના ઉપાધ્યક્ષ તરીકે નિમાણુક થવાથી મને ગૌરવની લાગણી થાય છે અને હું આપણા દેશના વૈવિધ્યને વધાવવા, સમાવેશિતાનો વિકાસ કરવા અને કૅનેડાની નગરપાલિકાઓ અને ફેડરલ સરકાર વચ્ચે મજબૂત સંબંધો વિકસાવવા માટે સાથી નગરપાલિકાઓ સહ કાર્ય કરવા ઉત્સુક છું. પ્રવર્તમાન ભાગીદારી અને સહયોગથી આપણે જાતિવાદ સામે બાથ ભીડી શકીશું અંતરાયોને દૂર કરી શકીશું અને તમામ લોકોની સમાનતા સ્વીકારતો દેશ બનાવી શકીશું, સાથે જ ક'એનેડા આખામાં પરિવહન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારા લાવી શકીશું."

*- રોવેના સેન્તોસ રિજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 અને 5, સીટી ઓફ બ્રૅમ્પટન; સભ્ય, FCM બોર્ડ ઓફ ડિરેક્ટર્સ*

"સરકારના બધાં જ સ્તરે સહયોગ અતિ આવશ્યક છે જેથી સમસ્ત દેશ અને બ્રૅમ્પટનવાસીઓ માટે સારા પરિણામો મેળવી શકાય. કાઉન્સિલ વતી મને આનંદ થાય છે કે કાઉન્સિલર સાન્તોસ - એક એવા વ્યક્તિ જેઓ જુસ્સાદાર જાતિવાદ વિરોધી અને સમાનતાના હિમાયતી હોય અને જેઓ આપણા નિવાસીઓ માટે પરિણામો લાવવા પ્રતિબદ્ધ હોય - તેઓ અશ્વેત વિરોધી જાતિવાદ અને સમાનતાની સ્થાયી સમિતિના ઉપાધ્યક્ષ પદે નિયુક્ત થયા છે. હું જાણું છું કે તેઓ આપણું શહેર જે કાર્ય કરી જ રહ્યું છે તેને આગળ વધારશે જેથી અંતરાયોને ઓળખીને દૂર કરી શકાય – જેમકે આપણા કર્મચારીઓ અને નાગરિકો માટે ઇક્વિટી કચેરીના પાયા ઊભા કરવા અને સિટીના પહેલવહેલા અશ્વેત વિરોધી જાતિવાદ યુનિટનું લોકાર્પણ કરવું – અને સાથે જ આપણા ફેડરલ ભાગીદારો સાથે સહયોગ કરીને પરિવહન, COVID-19 રિકવરી સપોર્ટ અને બ્રૅમ્પટનવાસીઓ માટે મહત્ત્વ ધરાવતી અન્ય સમસ્યાઓનું નિરાકરણ લાવવું.

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૅન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca